| | | |
|---|---|---|
| GJJM100003852017 | सत्यमेव जयते | દાખલ તારીખ : ૨૮/૦૮/૨૦૧૭<br>નોંધણી તારીખ: ૨૮/૦૮/૨૦૧૭<br>ફેંસલ તારીખ : 03/0૭/૨૦૨૬<br>સમયગાળો : વર્ષ-મહીના-દીન<br>૦૮- ૧૦- ૦૬ |

માનનીય ધ્રોલ ના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ,

સ્થળ ધ્રોલ.

આંક :-

જજમેન્ટ તારીખ 03/0૭/૨૦૨૬

ક્રીમીનલ કેસ નંબર ૨૨૪/૨૦૧૭

ધ્રોલ પોલીસ ફર્સ્ટ ગુના રજિસ્ટર નંબર ૪૬/૧૭

ફરિયાદી :- ધી સ્ટેટ ઓફ ગુજરાત

ફરીયાદી તરફે :- વિધ્વાન એ.પી.પી.શ્રી. આર. એસ. રામાણી

વિરુદ્ધ

આરોપી :- (૧) ફીરોઝભાઈ ફકીરમામદ અલીભાઈ કાનીયા
ઉ.વ.૪૦, ધંધો.આર્ટીસ્ટ,
રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર
રોડ, રાજકોટ,

(૨)ઈમ્તીયાઝ ફકીરમામદ અલીભાઈ કાનીયા
ઉ.વ.3૭, ધંધો.આર્ટીસ્ટ,
રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર
રોડ, રાજકોટ,

(3)ઈરફાન ફકીરમામદ અલીભાઈ કાનીયા
ઉ.વ.૩૨,ધંધો.આર્ટીસ્ટ,
રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર

રોડ, રાજકોટ,

(૪)મોસીન ઈસ્માઈલભાઈ અલીભાઈ કાનીયા
ઉ.વ.૩૩, ધંધો.આર્ટીસ્ટ,
રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર
રોડ, રાજકોટ,

(૫)ઈમરાન ઈસ્માઈલભાઈ અલીભાઈ કાનીયા
ઉ.વ.૩૦, ધંધો.આર્ટીસ્ટ,
રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર
રોડ, રાજકોટ,

(૬)હનીફ અલારખા હાજીમામદ બુરબાન
ઉ.વ.૪૮, ધંધો.આર્ટીસ્ટ,
રહે. રતનબાઈ મસ્જીદ, લંધાવાડનો
ઢાળીયો, જામનગર, જી.જામનગર.

આરોપી તરફે :- વિધ્વાન વકીલશ્રી એન.બી.ચાવડા

ફરિયાદ પક્ષના સાક્ષીઓ નું લીસ્ટ

| અનુક્રમ નંબર | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | બશીરભાઈ અલ્લારખાભાઈ હાજી સતાર | ૩૪ | જુબાની |
| ૨ | નરેશભાઈ જેઠાભાઇ ચાવડા | ૩૬ | જુબાની |
| ૩ | ગુલાબ ઈશાકભાઈ લાડક | ૩૮ | જુબાની |
| ૪ | નશીરભાઈ અબ્દુલ રજાક જશરાયા | ૪૦ | જુબાની |
| ૫ | રફીકભાઈ ઓસમાણભાઈ કામોરા | ૪૯ | જુબાની |
| ૬ | ઈરફાનભાઈ બશીરભાઈ | ૫૧ | જુબાની |
| ૭ | ઈમરાનભાઈ બશીરભાઈ | ૫૨ | જુબાની |

| | | | |
|---|---|---|---|
| ૮ | સામભાઈ મૈયાભાઈ | ૫૫ | જુબાની |
| ૯ | હુશેનભાઈ દાઉદભાઈ | ૫૭ | જુબાની |
| ૧૦ | નીમીશભાઈ પ્રમોદભાઈ | ૫૮ | જુબાની |
| ૧૧ | દીલીપભાઈ જેન્તીભાઈ શાહ | ૬૪ | જુબાની |
| ૧૨ | ઈનાયત બશીર હજી | ૧૦૦ | જુબાની |
| ૧૩ | રાજુભાઈ હીરાભાઈ ભુંડીયા | ૧૦૩ | જુબાની |
| ૧૪ | અલયાઝ સુલેમાન માલાણી | ૧૦૯ | જુબાની |
| ૧૫ | મહેન્દ્રભાઈ દલસુખભાઈ રાઠોડ | ૧૧૦ | જુબાની |
| ૧૬ | અલ્તાફભાઈ કાસમભાઈ આરબ | ૧૧૧ | જુબાની |
| ૧૭ | અરવીંદભાઈ ગોબરભાઈ લાંબરીયા | ૧૧૨ | જુબાની |
| ૧૮ | હીતેશભાઈ સેવકભાઈ રાજાણી | ૧૧૩ | જુબાની |
| ૧૯ | રજાકભાઈ કાદરભાઈ મોવર | ૧૧૪ | જુબાની |

ફરિયાદ પક્ષના દસ્તાવેજો નું લીસ્ટ

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૨ | ૩૯ | આરોપીની અટક કર્યાનુ પંચનામુ |
| ૩ | ૭૫/૧ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૪ | ૭૫/૨ | ડી.એમ.હથિયારબંધી/૧૮૮૨/૨૦૧૭ થી જાહેરનામું |
| ૫ | ૯૩ | ઈશાકભાઈનું મરણનું પ્રમાણપત્ર |

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

**-: જજમેન્ટ :-**

## 1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત

1.1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તારીખ ૦૪/૦૭/૨૦૧૭ ના રોજ કલાક ૧૯:૩૦ વાગ્યે ગાંધીચોક, બગદાદ મોબાઈલની દુકાનની સામે, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર ના સ્થળે સાહેદ ઈરફાન બસીરભાઇ તેની સાળીની સગાઇમાં રાજકોટ ગયેલ ત્યારે આ કામે કોલમ નં-૧ માં જણાવેલ આરોપી નં.(૧) તથા તેના ભાઇઓ સાથે ઝઘડો થયેલ તથા ફરિયાદીને આજથી અઢી એક વર્ષ પહેલા આરોપી નં.(૬) સાથે ઝઘડો થયેલ જેનો ખાર રાખી કોલમ નં.(૧)માં જણાવેલ આરોપીઓ ગે.કા મંડળી રચી હાથમાં છરી જેવા હથીયારો ધારણ કરી આવી ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી જાપટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી નં.(૧)નાએ છરીથી ફરિયાદીને ડાબા હાથમાં ઈજા કરી મે.ડી.એમ.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પીએકટ ની કલમ ૧૩૫ (૧) મુજબનો ગુન્હો કરેલ છે.

## 2. આરોપીનો જવાબ તથા નિવેદન

2.1. હાલના કામે આરોપીઓ સામે ઉપરોકત જણાવેલ ગુના મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરિયાદના આધારે ચાર્જશીટ રજૂ થતા, આરોપીઓ વિરુદ્ધ સમન્સ ઈશ્યુ કરતા, આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપી તેમના વકીલ શ્રી મારફતે હાજર થતા આરોપીઓ ને પોલીસ પેપર ની નકલ વિનામૂલ્યે પૂરી પાડી આ કામે આંક ૧૯ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પીએકટ ની કલમ ૧૩૫ (૧) મુજબનુ તહોમતનામું ઘડવામાં આવેલ ત્યાર બાદ આરોપીઓ નું નિવેદન આંક ૨૦ થી આંક ૨૫ સુધી નોંધેલ છે જેમાં આરોપીઓએ તેમના વિરૂદ્ધ ના ગુનાઓ નો ઈન્કાર કરેલ છે જેથી હાલનો કેસ પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલો.

2.2. ફરિયાદ પક્ષનો ઉપરોકત મુજબ નો સમગ્ર પુરાવો પૂરો થયા બાદ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેમની સામેની ફરીયાદ અને તમામ પુરાવો ખોટો છે તેવુ જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તેઓને આ ગુનામા ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. તેમજ ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં આરોપીઓએ સોગંદ પર જુબાની આપવાનો તેમજ બચાવમાં સાક્ષીઓ તપાસવાનો ઈનકાર કરેલ છે જેથી હાલનો કેસમાં બંને પક્ષે આખરી દલીલો સાંભળવામાં આવેલ છે.

**3. દલીલો :-**

3.1. ફરિયાદ પક્ષ તરફથી વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એસ.રામાણી એ દલીલ માં જણાવેલ છે કે, હાલના કેસમાં ફરીયાદી એ ફરીયાદી આપેલ હકીકત નુ સમર્થન કરેલ છે આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષે હાલના આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરેલ હોઇ આરોપીઓને હાલના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે તેમ જણાવેલ છે.

3.2. આરોપી પક્ષ તરફથી વિદ્વાન વકિલશ્રી એન.બી.ચાવડા એ જણાવેલ છે કે, હાલના કેસમાં ફરીયાદી ને તપાસેલ છે અને તેઓએ ફરીયાદમાં જણાવેલ હકીકત ને સમર્થન કરેલ નથી. આમ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં વિનંતી કરેલ છે.

**4. નિર્ણય માટે ના મુદ્દાઓ**

4.1. શું ફરિયાદપક્ષ એ હકીકત સાબિત કરે છે કે, છે કે, તારીખ ૦૪/૦૭/૨૦૧૭ ના રોજ કલાક ૧૯:૩૦ વાગ્યે ગાંધીચોક, બગદાદ મોબાઈલની દુકાનની સામે, ધ્રોલ, તા.ધ્રોલ, જી.જામનગર ના સ્થળે સાહેદ ઈરફાન બસીરભાઇ તેની સાળીની સગાઇમાં રાજકોટ ગયેલ ત્યારે આ કામે કોલમ નં-૧ માં જણાવેલ આરોપી નં.(૧) તથા તેના ભાઇઓ સાથે ઝઘડો થયેલ તથા ફરિયાદીને આજથી અઢી એક વર્ષ પહેલા આરોપી નં.(૭) સાથે ઝઘડો થયેલ જેનો ખાર રાખી કોલમ નં.(૧)માં જણાવેલ આરોપીઓ ગે.કા મંડળી રચી હાથમાં છરી જેવા

હથીયારો ધારણ કરી આવી ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી જાપટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી નં. (૧)નાએ છરીથી ફરિયાદીને ડાબા હાથમાં ઈજા કરી મે.ડી.એમ.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પીએકટ ની કલમ ૧૩૫ (૧) મુજબનો ગુન્હો કરેલ છે?

4.2. શું હુકમ ?

5. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલત ના નિર્ણયો નીચે મુજબ છે.

5.1. નકારમાં.

5.2. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

6. ફરિયાદપક્ષ ના પૂરવાનું મૂલ્યાંકન કરતા પહેલા ફોજદારી કાર્યવાહીમાં પૂરવાનું મૂલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

6.1. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

6.2. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરિયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતું નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતો માં વિરોધાભાસી અને અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદ પક્ષની વિપરીત જાય છે.

6.3. ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૩૭ લક્ષમાં લેતા કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદો ની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહિ, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદો ના પુરાવાની વિશ્વસનીયતા મહત્વની છે.

6.4. ફોજદારી કાયદાનો એ સિદ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કંઈ પણ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધિત હકીકતો અને સંજોગો આધારિત હોય છે અને તે ચુકાદો હકીકતો પર આધારિત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ પર ના કેસની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ પરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

7. હાલના કેસમાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પીએકટ ની કલમ ૧૩૫ (૧) મુજબના ગુનાનો આક્ષેપ છે જેથી તે અંગેનો ફરીયાદપક્ષ નો પુરાવો ધ્યાને લેતા નીચે મુજબ છે.

8. હાલના કામે ફરીયાદપક્ષ એ આંક ૩૪ થી બશીરભાઈ અલ્લારખાભાઈ હાજી સતારભાઈને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ૫-૬ માસ પહેલા ગાંધી ચોક માં સાંજ ના ૬ - ૬-૩૦ વાગ્યા આસપાસ બનેલો બનાવ બનેલ તે સમયે તેઓ ગાંધી ચોક માં આવેલ બગદાદ મોબાઈલ ની દુકાન પાસે ઉભેલ હતા તે સમયે ફિરોજભાઈ ફકીરમામદ, મોસીન ઈસ્માઈલ, ઈમ્તિયાજ ફકીરમામદ, ઈમરાન ઈશમાઈલ, ઈરફાન ફકીરમામદ. અને હનીફ અલ્લારખા આ બધા આવી ને સીધો તેઓ ઉપર હુમલો કરેલ. આ લોકો માં ફિરોજભાઈ સાથે છરી હતી મોસીનભાઈ, હનીફભાઈ. ઈરફાનભાઈ આ ત્રણેય ના હાથ માં પણ છરી હતી આ છે જણા એ તેઓ ઉપર હુમલો કરેલ અને જપાજપી કરેલ અને ફિરોજભાઈ એ છરી કાઢી ને તેઓને છરી નો ઘા કરવા જતા આ છરી હાથ થી રોકી લેતા હાથ માં છરી વાગેલ અને ફિરોજભાઈ એ તેઓને જાન થી મારી નાખવાની ધમકી આપેલ અને ત્યાં થી ભાગી ગયેલા અને ત્યારબાદ આજુબાજુ માંથી માણસો આવી ગયેલ અને તેમાં નરેશભાઈ પણ હતા અને આ બધા તેઓને ધ્રોલ હોસ્પિટલ એ સારવાર માટે લઈ ગયેલા અને તેઓને હાથ માં ૫-૬ ટાંકા આવેલા અને ડોક્ટર સાહેબે તેઓની સારવાર કરેલ તેઓએ ડો.ને જણાવેલ કે ફિરોજભાઈ એ તેઓને હાથ માં છરી મારેલ છે તેઓ સારવાર બાદ ધ્રોલ પો.સ્ટે ગયેલા અને ત્યારબાદ તેઓએ આ બનાવ ની ફરિયાદ આપેલી.

તેઓને આજરોજ અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે અસલ એફ.આઈ.આર.આંક-૩૫ થી રજુ છે.

આ બનાવ બનવા નું કારણ એ હતું કે બનાવ ના ૧.૫-૨ વર્ષ પહેલા તેઓનો દીકરો જામનગર લગ્ન માં ગયેલ હતો ત્યારે દાંડિયા રમતા હતા અને તેઓનો દીકરો ઈનાયત ઉભો હતો અને ત્યાં હનીફ અલ્લારખા તથા તેના મોટા ભાઈ નો છોકરો અશરફ ની સાથે જપાજપી થયેલ હતી તેનું મનદુઃખ રાખી ને આરોપીઓ એ તેઓ ઉપર હુમલો થયેલો.

આરોપીઓ ને જોયેથી ઓળખે છે જેઓ આજરોજ નામદાર કોર્ટ માં હાજર નથી હાજર હોય તો ઓળખી શકે.

બનાવ સમયે ફિરોજભાઈ ના હાથ માં જે છરી હતી તે છરી તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે.

તેઓને મુદામાલ આર્ટીકલ નં. ૧ વાળી છરી બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે આ તે જ છરી છે જે બનાવ સમયે ફીરોજ ભાઈ ના હાથમાં હતી. અને તે છરી વડે તેઓને હાથમાં ઈજા કરેલી હતી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે ક, ગાંધી ચોક વિસ્તાર પબ્લીકની તથા વાહનોની અવરજવર વાળો વિસ્તાર છે. તેઓ વધુમાં સ્વીકારે છે કે, ત્યાં ઘણી બધી દુકાનો પણ આવેલી છે. ગાંધી ચોક પાસે ચાવડી ચોકી આવેલી છે અને સાંજના સમયે પોલીસ પણ હોય છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે,તેઓએ તેમની ફરીયાદમાં નરેશભાઈ પણ બનાવ સ્થળે હાજર હતા તેવી હકીકત લખાવેલી નથી. કહેવાતો બનાવ બનેલ તે પહેલા તેઓના દીકરાને અને આરોપીઓ વચ્ચે જામનગર મુકામે બનાવ બનેલો.જામનગર ના બનાવ બાદ તેઓનો દીકરો અન્ય આરોપીઓ સાથે રાજકોટ બજરંગવાડી પાસે આ કામના આરોપીઓ સાથે ઝગડો કરેલો અને તે બાબતની ફરીયાદ હાલમાં ચાલુ છે. જામનગર બનાવ બાબતે તેઓને આરોપીઓ સાથે સમાધાન થયેલ અને રાજકોટ ખાતે તેઓના દીકરાએ પણ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ કરેલી છે. વધુમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ તેમની ફરીયાદ માં છરી કેવા કલરની અને કેવા પ્રકારની હતી તે લખાવેલ નથી. તેઓને તે બાબતે પુછેલુ નહી. આ કામના આરોપીઓ તેઓની જ્ઞાતીના છે અને તેઓ તેઓને પહેલાથી ઓળખે છે.

9. હાલના કેસમાં ફરીયાદપક્ષ એ આંક-૩૬ થી નરેશભાઈ જેઠાભાઈ ચાવડા ને સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે આજથી આશરે ૫-૬ માસ પહેલા ધ્રોલ ગાંધી ચોક માં સાંજ ના સમયે પંચ તરીકે બોલાવેલા તેઓ સાથે બીજા પંચ તરીકે રફીકભાઈ ત્યાં સ્થળ ઉપર હાજર હતા ગાંધી ચોક માં બશીરભાઈ ને ૫-૬ વ્યકિત ઓ છરી લઈ ને મારવા માટે આવેલા હતા અને બશીરભાઈ ને છરી વાગેલ હતી. પોલીસે સ્થળ ઉપર પંચનામું કરેલ ફરિયાદી બશીરભાઈ પણ સ્થળ ઉપર હાજર હતા અને બશીરભાઈ ને પોલીસ બનાવ ની વિગતો પૂછતી હતી પોલીસે તેઓને પુછેલ કે આ બધું તમે જોયેલ છે તમો સ્થળ ઉપર હાજર હતા જેથી તેઓએ હા પાડેલ પોલીસે સ્થળ ઉપર પંચનામું કરેલ અને તેઓને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે જે જેમાં પંચ નં - ૨ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. અસલ પંચનામું આંક-૩૭ થી રજુ છે.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવેતો તેઓ સ્વીકારે છે કે, પોલીસે તેઓનું નામ અને સરનામું પુછેલ અને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ.

10. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૩૮ થી ગુલાબ ઈશાકભાઈ લાડક ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે આજથી આશરે ૧.૫ માસ પહેલા તેઓને ધ્રોલ પો.સ્ટે. સાંજના સમયે પંચ તરીકે બોલાવેલા તેઓ સાથે બીજા પંચ તરીકે નાશીરભાઈ હતા ત્યાં પોલીસે તેઓને પંચનામા માં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ આ સિવાય પંચનામા ની વિગતે તેઓ કશું જાણતા નથી. તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે જે જેમાં પંચ નં-૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. અસલ પંચનામું આંક -૩૯ થી રજુ છે.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવેતો તેઓ સ્વીકારે છે કે, પોલીસે તેઓનું નામ અને સરનામું પુછેલ અને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ.

11. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૪૦ થી નશીરભાઈ અબ્દુલ રજાક જશરાયા ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે આજથી આશરે ૩-૪ માસ પહેલા તેઓને ને ધ્રોલ પો.સ્ટે. સવાર ના ૧૦ વાગે સમયે પંચ તરીકે બોલાવેલા તેઓની સાથે બીજા પંચ તરીકે નાશીરભાઈ હતા ત્યાં પોલીસે તેઓને ને પંચનામા માં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ આ સિવાય પંચનામા ની વિગતે તેઓ કશું જાણતા નથી. તેઓને અસલ પંચનામું આંક-૩૯ બતાવવામાં આવે છે જે જેમાં પંચ નં-૨ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવેતો તેઓ સ્વીકારે છે કે, પોલીસે તેઓનું નામ અને સરનામું પુછેલ અને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ.

12. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૪૯ થી રફીકભાઈ ઓસમાણભાઈ કામોરા ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને પોલીસે આશરે એક વર્ષ પહેલા ધ્રોલ રીક્ષા સ્ટેન્ડ પાસે બોલાવેલા અને પોલીસે તેઓની એક તૈયાર પંચનામા માં સહી લીધેલી. આ જગ્યાએ સહી કર્યા ના ચાર પાંચ દીવસ પહેલા તેઓ હરીભાઈ ની હોટલે ચા પીતા હતા ત્યારે પાંચેક માણસો એ આવીને તેમાંથી એક માણસે બસીરભાઈને હાથમાં છરી મારેલી હતી આ બનાવ તેઓએ નજરે જોયેલો. અને આ બનાવ બાબતે પોલીસ પંચનામું કરવા માટે આવેલી અને તેમાં તેઓની સહી લીધેલી. તેઓને આંક-૩૭ નું અસલ પંચનામુ બતાવવામાં આવેલ છે તેમાં પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામા સહી લીધેલી.વધુમાં તેઓ સ્વીકારે છે કે, બનાવ વીશે તેઓ બીજુ કાંઈ જાણતા નથી. વધુમાં તેઓ સ્વીકારે છે કે,બનાવના ચાર પાંચ દિવસ પછી પોલીસે તેઓની સહી લીધેલી.

13. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૫૧ થી ઈરફાનભાઈ બસીરભાઇ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી આશરે એકાદ વર્ષ પહેલા ઘોલ ગાંધી ચોક માં સાંજના સમયે બનેલો. બનાવ બનેલ તે સમયે તેઓ ગામ માં હતા તે સમયે કોઈ છોકરાઓએ તેઓને જાણ કરેલ તમારા પીતાજી ને કોઈ અજાણ્યા શખ્સો એ છરી વડે હુમલો કરી માર મારેલ છે તેવુ તેઓને જણાવેલ. તેથી તેઓ સીધા ધ્રોલ સરકારી દવાખાને ગયેલા.તેઓના પીતાજી ને હાથ ના ભાગે ઈજા થયેલી હતી. ધ્રોલ હોસ્પીટલ માં તેઓના પીતાજી ને સારવાર આપી તે જ દીવસે રજા આપી દેવામાં આવેલ ત્યારબાદ એકાદ અઠવાડીયા જેટલી સારવાર કરાવેલ હતી. તેઓના પીતાજી ને બનાવ સમયે ફીરોજભાઈ ફકીરભાઈ તથા મોસીનભાઈ તથા અન્ય ૮ થી ૧૦ અજાણ્યા ઈસમોએ તેઓના પીતાજી ને માર મારેલ હતો. તેઓના પીતાજી ને છરી ફીરોજભાઈ એ મારેલ હતી તેવુ તેઓને તેઓના પીતાજી એ બનાવ ના બીજા દીવસે જણાવેલ હતુ. આ બનાવ બનવાનુ કારણ શું હતુ તેની તેઓને ખબર નથી. આ બનાવ બાબતે પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓને જોયે થી ઓળખે છે તેઓ આજરોજ નામ. કોર્ટ માં હાજર નથી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, ગાંધી ચોક વિસ્તાર મા માણસો અને વાહનો ની સતત અવરજવર રહેતી હોય છે.વધુમાં તેઓ સ્વીકારે છે કે બનાવ વખતે તેઓ હાજર ન હોય બનાવ ની તેઓને અંગત માહીતી નથી. આ કામના આરોપીઓ અમારા જ્ઞાતી ના છે અને તેઓ તેઓને બનાવ પહેલે થી ઓળખે છે.

14. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક પર થી ઈમરાનભાઈ બશીરભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી આશરે સાત આઠ માસ પહેલા ધ્રોલ ગાંધી ચોક માં ગ્રેઈન મારકેટ પાસે સાંજના સમયે બનેલો. બનાવ સમયે તેઓ તેઓના ઘરે હતા. તે સમયે તેઓની શેરી માંથી તેઓને જાણવા મળેલ કે તેઓના પીતાજી ને કોઈએ મારી દીધેલ છે અને તેમને દવાખાને લઈ ગયેલ છે જેથી તેઓ ધ્રોલ સરકારી હોસ્પીટલ ગયેલ અને ત્યા તેઓના પીતાજી સારવાર માટે આવેલા હતા.તેઓના પીતાજી ને

હોસ્પીટલ કોણ લાવેલ તેની તેઓને ખબર નથી.તેઓના પીતાજી ને હાથ માં વાગેલ હતુ જેથી તેઓએ તેમના પીતાજી ને પુછતા તેઓના પીતાજી એ જણાવેલ કે ફીરોજભાઈ એ તેઓને હાથ માં છરી મારી દીધેલ છે અને ફીરોજભાઈ સાથે બીજા પાંચ થી છ અજાણ્યા ઈસમો હાજર હતા જેમાંથી ૪ તેમના ભાઈઓ હતા તેવુ તેઓને જણાવેલ. બનાવ બનેલ તે સમયે તેઓના પીતાજી ગ્રેઈન મારકેટ પાસે હાજર હતા અને આ ફીરોજભાઈ અને તેમના ભાઈઓએ આવી તેઓના પીતાજી પર હુમલો કરી માર મારેલો. આ બનાવ બનવાનુ કારણ એ હતુ કે જામનગર તેઓ નાત માં જતા હતા તે વખતે તેઓનો નાનો ભાઈ અને ફીરોજભાઈ નો મામા ના દીકરા વચ્ચે બોલચાલ થયેલ હતી અને તેમાં સમાધાન થઈ ગયેલ હતુ છતા આરોપીઓ તેઓ રાજકોટ જતા હતા ત્યારે અવારનવાર હુમલો કરતા હતા અને તેઓના પીતાજી ને પણ આ બાબત ને લીધે માર મારેલ હતો. પોલીસે બનાવ બાબતે તેઓની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓને જોયે થી ઓળખે છે તેઓ આજરોજ નામ. કોર્ટ માં હાજર નથી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, ગાંધી ચોક વિસ્તાર મા માણસો અને વાહનો ની સતત અવરજવર રહેતી હોય છે.બનાવ વખતે તેઓ તેઓના ઘરે હાજર હોય બનાવ ની તેઓને અંગત માહીતી નથી.વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ કામના આરોપીઓ તેઓની જ્ઞાતી ના છે અને તેઓ તેઓને બનાવ પહેલે થી ઓળખે છે. પોલીસે આ બનાવ બાબતે તેઓની કોઈ પુછપરછ કરેલ નહી.

15. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૫૫ થી સામતભાઈ મૈયાભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બસીરભાઈ અલારખાભાઈ નામના વ્યક્તિ ને ઓળખતા નથી. તેઓને આ બનાવ બાબતે કોઈ જાણકારી નથી. પોલીસે આ બનાવ બાબતે તેઓનુ કોઈ નીવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. પોલીસ તેઓના ઘરે નામ. કોર્ટ નુ સમન્સ આપવા આવેલ જેથી તેઓ અહીં હાજર રહેતા તેઓને બનાવ ની જાણ થયેલી. સવાલ : ગઈ તા. ૪/૭/૧૭ ના રોજ સાંજના ૭:૩૦ વાગ્યે તમો ગાંધીચોક માં હકાભાઈ ભોજાભાઈ ની દુકાન પાસે ચા પીતા હતા ત્યારે હરીભાઈ ની હોટલ સામે રહેતા બસીરભાઈ ને ૭ થી ૮ માણસો છરી લઈને મારતા હતા તેથી તમો ત્યાં

ગયેલા ત્યારે આ બધા માણસો ભાગી ગયેલ અને બસીરભાઈ ને હાથમાં લોહી નીળકતુ હોય તમો બસીરભાઈ ને પુછતાં બસીરભાઈ એ તમોને જણાવેલ કે તેઓને રાજકોટ રહેતા ફીરોઝ ફકીરમામદ અને તેના ભાઈ સાથે તથા જામનગર માં તેઓની નાત ના હનીફ ઉર્ફે તુકો અલારખા તથા અશરફ હાજી સાથે ઝઘડો થયેલ હોય જેનો ખાર રાખી આ લોકો ભેગા મળી તેઓના દીકરા ઈરફાન ની પાછળ છરી લઈને મારવા દોડેલા જેથી તેઓએ રાડ પાડતાં ફીરોજ ફકીરમામદ તથા મોસીન ઈસ્માઈલ તથા ઈમ્તીયાસ ફકીરમામદ તથા ઈમરાન ઈસ્માઈલ તથા ઈરફાન ફકીરમામદ તથા હનીફ અલારખા તથા ૨ અજાણ્યા ઈસમો તેઓને પાસે આવી ગાળો દેવા લાગેલા અને તેઓને તથા તેના દીકરા ને જાન થી મારી નાખવાની ધમકી આપવા લાગેલા અને આ ઈસમો પૈકી ફીરોજ ફકીરમામદનાઓએ તેના હાથ ની છરી તેઓને મારતા તેમના હાથ માંથી લોહી નીકળતાં આ બધા ઈસમો ભાગી ગયેલ તેવુ તમોને જણાવેલ ? તો તે બાબતે તમારે શુ કહેવુ છે ?જવાબ : બસીરભાઈ એ તેઓને આવુ કંઈ જણાવેલ નહી. સવાલ : તમોએ તમારા પોલીસ રુબરુ ના નીવેદન માં તમોને વાતોવાત થી જાણવા મળેલ કે બસીરભાઈ ને હાથ માં છરી લાગેલ હોય અને તેઓને ૩ થી ૪ ટાંકા આવેલ અને બસીરભાઈ એ તેઓને સાથે ઝઘડો કરવા આવેલા ૮ માણસો વીરુધ્ધ ધ્રોલ પો.સ્ટે. માં ફરીયાદ લખાવેલ જે બાબત તમોએ પોલીસ રુબરુ ના નીવેદન માં લખાવેલ તો તે બાબતે તમારે શુ કહેવુ છે ? જવાબ : પોલીસે તેઓનું કોઈ નીવેદન લીધેલ નથી કે તેઓએ પોલીસ ને કંઈ લખાવેલ નથી.

16. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૫૭ થી હુશેનભાઈ દાઉદભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આજ થી આશરે ૧૦ થી ૧૨ માસ પહેલા ધ્રોલ ગાંધી ચોક માં સાંજના છએક વાગ્યે બનેલો. બનાવ સમયે તેઓ ગાંધી ચોક માં આવેલ તેઓની દુકાન ની અંદર હાજર હતા. તે વખતે ગાંધીચોક માં માણસો દોડા દોડી કરતા હતા જેથી તેઓ ત્યાંથી જાણેલુ કે બસીરભાઈ અને બીજા માણસો વચ્ચે ઝઘડો થયેલ છે તે સીવાય બીજુ કંઈ જાણેલ નહી. આ બનાવ માં કોઈને કંઈ વાગેલ કે કેમ તેની પણ તેઓને ખબર નથી. આ ઝઘડો કઈ બાબતે થયેલ તેની પણ તેઓને ખબર નથી. બસીરભાઈ ને કોઈની સાથે ઝઘડો થયેલ તેની તેઓને ખબર નથી કે

તેઓને જોયે થી તેઓ ઓળખતા નથી. બનાવ ના ૨ -૪ દીવસ બાદ પોલીસ ના માણસો આવેલા અને તેઓએ તેમનું નામ ઠામ પુછેલ તે સીવાય કોઈ પુછપરછ કરેલ નહી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો તેઓ સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓ તેઓની મોબાઈલની દુકાનમા હાજર હોય બનાવ કેવી રીતે બનેલ તેની તેઓને કોઈ જાત માહિતી નથી.

17. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૫૮ થી નીમીશભાઈ પ્રમોદભાઈ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ કેટલા સમય પહેલા બનેલો તેની તેઓને ખબર નથી.બનાવ ગાંધીચોક માં આવેલ હરીભાઈ ની હોટલ પાસે સાંજના સમયે બનેલો. બનાવ બનેલ તે સમયે તેઓ તેઓની દુકાન ની અંદર હાજર હતા. તે વખતે ગાંધીચોક માં માણસો રાડો પાડતા હતા જેથી તેઓએ બહાર જઈને જોયુ તો માણસો ભેગા થઈ ગયેલા હતા. ત્યા કોની કોની વચ્ચે બનાવ બનેલ તેની તેઓને ખબર નથી. બસીરભાઈ ગામ માં રહેતા હોય તેથી તેઓ તેઓને ઓળખે છે. તેમને કોઈની સાથે કોઈ બનાવ બનેલ હોય તો તે બાબતે તેઓ કશું જાણતા નથી.પોલીસ તેઓની પુછપરછ કરવા આવેલી અને તેઓએ પોલીસ ને જણાવેલ કે તેઓ બનાવ બાબતે કશું જાણતા નથી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો તેઓ સ્વીકારે છે કે, બનાવ સમયે તેઓ તેઓની દુકાનમા હાજર હોય બનાવ કેવી રીતે બનેલ તેની તેઓને કોઈ જાત માહિતી નથી.

18. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૬૪ થી દિલીપભાઈ જેન્તીભાઈ શાહ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કેટલા સમય પહેલા કઈ..જગ્યાએ બનેલો તેની તેઓને ખબર નથી. સને ૨૦૧૭ ની સાલમાં તેઓના ભાણેજ નીમીશભાઈએ તેઓને બસીરભાઈ સાથે જે બનાવ બનેલો તે બનાવની વાત કરેલ હોય તેવુ બનેલ નથી. બસીરભાઈને તેઓ ઓળખતા નથી. બસીરભાઈને હરીભાઈની ચા ની હોટલ પાસે કોઈ ઈસમોએ માર મારી

ઈજા કરેલ હોય તે બનાવ બાબતે તેઓ જાણતા નથી. પોલીસે સને ૨૦૧૭ ની સાલમાં કોઈ નીવેદન લીધેલ હોય તેવુ પણ બનેલ નથી.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી.

19. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧૦૦ થી ઈનાયત બશીર હાજી ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આજથી તા.૦૪.૦૭.૨૦૧૭ ના રોજ સાંજના સમયે ગાંધી ચોકમા બનેલ હતો. બનાવ સમયે તેઓ રાજકોટ-જામનગર હાઈવે ઉપર એકટીવાના શોરુમ પર હતા. આ સમયે તેઓના ભાઈ ઈમરાનનો તેઓને ફોન આવેલો અને જણાવેલુ કે પપ્પાને ગાંધી ચોકમા ઝઘડો થયેલ છે અને તેને સરકારી હોસ્પીટલે લાવીએ છીએ. જેથી તેઓ ત્યાથી સરકારી હોસ્પીટલે ગયેલ અને ત્યા જઈને જોયુ તો પપ્પાને ડાબા હાથમા લોહી નિકળતુ હતુ જેથી તેઓએ તેમના પપ્પાને પુછતા તેઓએ જણાવેલુ કે મારા ભાઈ ઈરફાન પાછળ પાંચ જણા દોડતા હતા જેથી તેઓના પપ્પાએ રાડ પાડતા બધા આરોપીઓ ઉભા રહી ગયેલા અને તેઓના પપ્પા પાસે આવેલા અને તેઓના પિતાએ મા-બેન સામેની ગાળો દેવા લાગેલા હતા. આ આરોપીઓ ફીરોજ, મોસીન,ઈમ્તીયાઝ,ઈમરાન, હનીફ અને અજાણ્યા બે ઈસમો હતા અને આ લોકોએ એ પણ કહેલુ કે તને અને તારા દિકરાને જાનથી મારી નાખવા છે અને ફીરોજ છરી કાઢી તેઓના પપ્પાને મારવા જતા તેઓના પપ્પાએ હાથ આડો કરતા છરી ડાબા હાથમા હથેળીના ભાગે છરી લાગેલી. આવી વાત તેઓને તેઓના પપ્પાએ કરેલી હતી.

આ બનાવ બનવાનુ કારણ એ હતુ કે તેઓનો ભાઈ તેમની સાળી ના લગ્ન મા રાજકોટ ગયેલો હતો ત્યારે આ આરોપીએ તેમની સાથે માથાકુટ કરેલી હતી અને આ અગાઉ આરોપીઓના મામાના દિકરા અશરફ હાજી બુરબાન સાથે મારે બોલાચાલી થયેલી હતી જેનો ખાર રાખીને આ લોકોએ તેઓના પિતા સાથે ઝઘડો કરેલો હતો. પોલીસે તેઓનું નિવેદન લીધેલુ.

ઉપરોકત સાક્ષીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ એકટીવાના શોરુમે

હતા જેથી બનાવ તેઓએ નજરે જોયેલો નથી કે બનાવ અંગે તેઓને અંગત જાત માહીતી નથી.તેઓના ભાઇ ઇમરાનભાઇએ તેઓને કયા નંબર પર થી ફોન કરેલો તે તેઓએ તેઓના નિવેદન મા લખાવેલુ નથી.

20. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧0૩ થી રાજુભાઈ હીરાભાઈ ભુંડીયા ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ફરીયાદી તથા આરોપીઓને ઓળખતા નથી અને બનાવ શુ બનેલ તેની તેઓને ખબર નથી. પોલીસે તેઓનું નીવેદન લીધેલુ.

એવુ બનેલ નથી કે તા.૪/૭/૧૭ ના બસીર સાથે આઠેક માણસો છરીઓ લઇને આવેલા હોય અને આવીને બસીરભાઈ સાથે ઝઘડો કરવા લાગેલા અને માર મારવા લાગેલા હોય અને બસીરને હાથમાં છરી મારી દીધેલી હોય અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલી હોય.

21. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક ૧૦૯ થી અલયાઝ સુલેમાન માલાણી તેમજ આંક-૧૧૦ થી મહેન્દ્રભાઈ દલસુખભાઈ રાઠોડ ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આ કામના ફરીયાદી કે આરોપીઓને ઓળખતા નથી. બનાવ બાબતે તેઓ કશુ જાણતા નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલુ. એવુ બનેલ નથી કે તા.૦૪/૦૭/૨૦૧૭ ના રોજ બશીરભાઈ સાથે આઠેક માણસોએ ઝગડો કરી માર મારી બશીરભાઈ ને હાથમા છરી મારી દીધેલી.

22. ફરીયાદપક્ષ એ ત્યારબાદ આંક-૧૧૧ થી અલ્તાફભાઈ કાસમભાઈ આરબ, આંક-૧૧૨ થી અરવીંદભાઈ ગોબરભાઈ લાંબરીયા, આંક ૧૧૩ થી હીતેશભાઈ સેવકભાઈ રાજાણી, આંક- ૧૧૪ થી રજાકભાઈ કાદરભાઈ મોવર ને સોગંદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આ કામના ફરિયાદી કે આરોપીઓને ઓળખતા નથી. બનાવ બાબતે તેઓ કશુ જાણતા નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલુ.

એવુ બનેલ નથી કે તા.૦૪/૦૭/૨૦૧૭ ના રોજ બશીરભાઈ સાથે આઠેક માણસોએ ઝગડો કરી માર મારી બશીરભાઈ ને હાથમા છરી મારી દીધેલી.

23. આમ, ઉપરોક્ત તમામ પુરાવાઓ નુ એકસાથે મુલ્યાંકન કરતા હાલના કેસના આરોપીએ ફરીયાદી સાથે બોલાચાલી કરી ફરીયાદી સાથે જપાજપી કરી ઢીકાપાટુનો માર મારી ભુંડા બોલી ગાળો બોલી હોવાનુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ ન હોઈ મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં ઠેરવી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

1. આરોપી (૧) ફીરોઝભાઈ ફકીરમામદ અલીભાઈ કાનીયા રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર રોડ, રાજકોટ, (૨)ઈમ્તીયાઝ ફકીરમામદ અલીભાઈ કાનીયા રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર રોડ, રાજકોટ, (૩)ઈરફાન ફકીરમામદ અલીભાઈ કાનીયા રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર રોડ, રાજકોટ, (૪)મોસીન ઈસ્માઈલભાઈ અલીભાઈ કાનીયા રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર રોડ, રાજકોટ, (૫)ઈમરાન ઈસ્માઈલભાઈ અલીભાઈ કાનીયા રહે.શેરી નં ૧૪, બજરંગવાડી, જામનગર રોડ, રાજકોટ, (૬)હનીફ અલારખા હાજીમામદ બુરબાન રહે. રતનબાઈ મસ્જીદ, લંધાવાડનો ઢાળીયો, જામનગર, જી.જામનગર. નાઓ ને ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૨૩, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.
2. આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૪૩૭ (એ) મુજબ છ મહીના માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂપીયા ૫,000/-- ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.
3. હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હથીયાર નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજ સને ૨૦૨૬ ના જુલાઈ મહિના ની તારીખ 03 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ - 03-0૭-૨૦૨૬

સ્થળ - ધ્રોલ.

(એ.એમ.શુકલા)
કોડ નંબર જીજે ૦૧૩૬૪
જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ધ્રોલ.

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**